# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org

જા.નં. મા-૪/અડત/૨૦૨૩-૨૪/ 1414 તા.૨૦/૧૦/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,
બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ.સુરત.

**વિષય:-** વાંધા/વસુલાતની રકમ પડતી મુકવા અંગેની દરખાસ્ત નિયત ચેકલીસ્ટમાં રજુ કરવા બાબત.
**સંદર્ભ:-** કમિ.શાળાઓની કચેરીના પત્રક્રમાંક:હ-અડટ/જીઆઈએ/ખા.ઓ.વ/૨૦૨૩/૧૦૪૮-૧૦૮૧ તા.૧૪/૦૮/૨૦૨૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર પરત્વે જણાવવાનું કે, ગ્રાંટ-ઈન-એઈડ કોડ-૧૯૬૪ના નિયમ-૯૧ અન્વયે બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગ્રાંટ એસેસમેન્ટ/ખાતાકીય હિસાબી ઓડીટના અંતે અસ્વીકાર્ય ખર્ચની વિગતો મળ્યેથી દિન-૧૫ માં સંચાલક મંડળને વાંધા-નિવેદન અત્રેની કચેરીને રજુ કરવાની જોગવાઈ થયેલ છે, જે અન્વયે શાળા મંડળએ નિયત નમુનામાં દરખાસ્ત કરવાની થતી હોય છે. આ બાબતે આપના દ્વારા રજુ થતા વાંધા-નિવેદનો એક જ ફાઈલમાં વર્ષવાર ક્રમાનુસાર રજુ કરવામાં સરળતા રહે તે હેતુસર આ સાથે સામેલ ચેકલીસ્ટ મુજબ રજુ કરવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિ.સુરત.

**બિડાણ:-** સંદર્ભિતપત્ર

ક્રમાંક : હ-અડટ/જીઆઈએ/ખા.ઓ.વ./૨૦૨૩/૧૦૪૮-૧૦૯૨

કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
બ્લોક નં ૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા. ૧૪/૦૮/૨૦૨૩

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ

**વિષય :** વાંધા/વસુલાતની રકમ પડતી મુકવા અંગેની દરખાસ્ત નિયત ચેકલીસ્ટમાં રજુ કરવા બાબત.

**સંદર્ભ :** અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : હ-અડટ/જીઆઈએ/ખા.ઓ.વ./૨૦૨૩/૩૬૦-૩૯૩, તા.૨૯/૦૪/૨૦૨૩

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગ્રાન્ટ ઇન એઇડ કોડ – ૧૯૬૪ ના નિયમ -૯૧ અન્વયે બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ગ્રાન્ટ એસેસમેન્ટ/ખાતાકીય હિસાબી ઓડીટના અંતે અસ્વીકાર્ય ખર્ચની વિગતો મળ્યેથી દિન – ૧૫ માં સંચાલક મંડળને વાંધા-નિવેદન જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને રજુ કરવા અંગેની જોગવાઈ થયેલ છે, જે અન્વયે અત્રેની કચેરીના સંદર્ભિત પત્રના મુદ્દા નં (૩) થી સબંધિત શાળા મંડળની નિયત નમૂનામાં આધારસહ દરખાસ્ત મેળવી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના સ્પષ્ટ અભિપ્રાય સાથે અત્રેની કચેરીને રજુ કરવા જણાવવામાં આવેલ છે.

સદરહું બાબતે અત્રેથી હાથ ધરવામાં આવતું ખાતાકીય ઓડીટ નાણાકીય વર્ષ મુજબ હાથ ધરવામાં આવતું હોય, ખાતાકીય હિસાબી ઓડીટ ના અંતે ગ્રાન્ટ મેમો પણ નાણાકીય વર્ષ મુજબ જ જનરેટ થતો હોવાથી શાળાઓ તરફથી રજુ થતા વાંધા-નિવેદનો એક જ ફાઈલમાં વર્ષવાર ક્રમાનુસાર રજુ કરવામાં સરળતા રહે એ હેતુસર આ સાથે સામેલ ચેકલીસ્ટ મુજબ રજુ કરવા વિનંતી છે.

**<u>બીડાણ :</u>**

(૧) ચેકલીસ્ટ

(૨) નિયત નમૂનાનું રજૂઆત/ભલામણ પત્રક

ઓડીટ અધિકારી
કમિશ્નર શાળાઓની કચેરી
ગાંધીનગર

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી - ............................

## ખાતાકીય હિસાબી ઓડીટ અન્વયે વસુલાત/વાંધા હેઠળની રકમ પડતી મુકવા અંગેની દરખાસ્તનું ચેકલીસ્ટ

(અ) શાળાનું નામ :- ____________________

(બ) ગામ, તાલુકો અને જિલ્લો :- ____________________

(ક) શાળાનું આઈ.ડી. (IWDMS કોડ) :- ____________________

(ડ) જે વર્ષ/વર્ષોની વસુલાત/વાંધા હેઠળની રકમ પડતી મુકવાની દરખાસ્ત રજુ કરેલ હોય તે નાણાકીય વર્ષ/વર્ષો

____________________

| ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનો ફોરવર્ડીંગ લેટર | |
| ૨ | શાળાનો ફોરવર્ડીંગ લેટર | |
| ૩ | નિયત નમૂનાનું વર્ષવાઈઝ ભલામણ પત્રક<br>(વસુલાત/વાંધા હેઠળની રકમ પડતી મુકવાપાત્ર છે કે કેમ? તે અંગેનો સ્પષ્ટ અભિપ્રાય જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આપવો.) | |
| ૩ | ખાતાકીય હિસાબી ઓડીટ રિપોર્ટ ( "ડ" મુજબ તમામ વર્ષોના ક્રમશ:) | |
| ૪ | વાંધા હેઠળની રકમ પડતી મુકવાની હોય તો તેના આધારો<br>(જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પ્રમાણિત કરેલ નકલો રજુ કરવી) | |
| ૫ | વસુલાત હેઠળની રકમ પડતી મુકવાની હોય તો તેના આધારો<br>(જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પ્રમાણિત કરેલ નકલો રજુ કરવી) | |
| ૬ | અન્ય | |

## :: પ્રમાણપત્ર ::

ઉપરોકત ચેકલીસ્ટના ક્રમ નં – ૩ થી ૬ મુજબના તમામ આધારો ચકાસ્યા છે, જે યોગ્ય અને ખરા જણાતા તે તમામ આધારોની નકલો પ્રમાણિત કરી આ સાથે સામેલ કરેલ છે, જે ધ્યાને લેતા શાળાની રજૂઆત નિયમો સાથે સુસંગત હોઈ નિયત નમુનાના ભલામણ પત્રકમાં અમોનો સ્પષ્ટ અભિપ્રાય દર્શાવેલ છે. જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી

............................

# ખાતાકીય હિસાબી ઓડીટ રીકવરી અંગેની રજુઆતનું પત્રક

શાળાનું નામ

ઓડીટ વર્ષ

| વસુલાત કરેલ આઈટમ નંબર વસુલાત હેઠળનો કોડ નંબર | વસુલાતની રકમ | વસુલાત કરવાના કારણો | વસુલાત રકમ માટેની શાળાની આઈટમ વાર રજૂઆત | વસુલાત રકમ માટેની શાળાની રજૂઆત પરથી જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ કરેલ ભલામણ | ઓડીટ પાર્ટીનો અભિપ્રાય | સિનિયર ઓડીટરની ભલામણ | ઓડીટ અધિકારીશ્રીનો અભિપ્રાય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | આચાર્યશ્રીનો સહી/સિક્કો | જીલ્લા શિક્ષણાધિકારીશ્રીના સહી/સિક્કા | | | |